# ખેત પેદાશો, જમીન અને પાણીમાંથી જંતુનાશકોના અવશેષોનું પૃથ્થકરણ કરાવવા માટેના નિયમો

એ.આઈ.એન.પી.ઓન પેસ્ટીસાઈડ રેસીડ્યુઝ યોજના દ્વારા નીચેની બાબતોને આધીન રહી ખેત પેદાશો, જમીન અને પાણીનુ જંતુનાશકોના અવશેષો માટે પૃથ્થકરણ કરી આપવાનું રહેશે.

(૧) નમુનાઓમાં શાકભાજી (ટામેટાં, ભીંડા, કાકડી, કારેલા, દૂધી, ગલકા, તુરીયા, ટીંડસા, બટાકા, પાલક, ભોલર મરચાં, પાપડી, ચોળી, વટાણા, લીલા મરચાં), ફળ (કેળાં, જામફળ, દાડમ, કેરી, ચીકું), ધાન્ય (ઘઉં, ચોખા), કઠોળ (મગ, ચણા, તુવેર દાળ-મોહયાં વગરની), જમીન અને પાણી (પીવા યોગ્ય /પિયત) ને આવરી લેવામાં આવશે. આ સિવાયના નમૂનાઓ અને પરિમાણો માટે પૃથક્કરણ કરવામાં આવશે નહિ.

(૨) નમુનો પૃથક્કરણ કરાવનારે અત્રેની પ્રયોગશાળામાં આપવાનો રહેશે. અત્રેથી નમુનો લેવા માટેની પધ્ધતિનું માર્ગદર્શન આપવામાં આવશે.

(૩) નમુનાની જરૂરી વિગત માટે સામેલ પત્રક મુજબ વિગત અવશ્ય આપવાની રહેશે. વિગત વગરના/અધુરી વિગત વાળા નમુના પૃથ્થકરણ માટે સ્વિકારવામાં આવશે નહિ.

(૪) આવેલ નમુનાઓમાં જંતુનાશકના અવશેષોના પ્રમાણનો રીપોર્ટ આપી શકાશે, તે નમુનાઓ ઓર્ગેનીક છે કે નહી તે બાબત નો રીપોર્ટ આપી શકાશે નહિ.

(૫) લેબોરેટરીને જંતુનાશકોના અવશેષો માટે પૃથ્થકરણ માં વપરાતા કેમીકલ્સ અને રીએજન્ટસ એડવાન્સમાં ખરીદવાના હોય છે તે હેતુસર જરૂરીયાત મુજબની રકમનો ચેક/ડીડી ૧૫ દિવસ પહેલા એડવાન્સ પેમેન્ટ તરીકે મોકલી આપવાનો રહેશે. પેમેન્ટ નહી મળે તો નમુના સ્વિકારવામાં આવશે નહિ. પેમેન્ટ માટે "Anand Agricultrual University Revolving Fund Account" ના નામનો ચેક/ડીડી બનાવવાનો રહેશે.

(૬) જંતુનાશકોનું આવશેષિક પૃથ્થકરણ કરવાનો હાલમાં ચાર્જ પ્રતિ નમુના દીઠ નીચે મુજબ છે.

1. પાણી માટે રૂા.૫૦૦૦/-
2. જમીન માટે રૂા.૫૦૦૦/-
3. મરી-મસાલા માટે રૂા.૧૦,૦૦૦/-
4. ૨% કરતા વધારે ફેટ ધરાવતા નમુના માટે રૂા.૧૦,૦૦૦/-
5. ૨% કરતા ઓછા ફેટ ધરાવતા નમુના માટે રૂા.૭,૦૦૦/-

(૭) નમુનાના પૃથક્કરણ માટે યુનિવર્સિટીના વખતો વખતના નિયત કરેલ દરો ચુકવવાનો રહેશે.

(૮) નમુનાનો જથ્થો નમુનાના પ્રકાર મુજબ ૧-૨ કીગ્રા હોવો અતિ આવશ્યક છે.

(૯) પરિવહન વખતે શાકભાજી/ફળ ના નમુનાઓ અલગ-અલગ પોલીથીન પરફોરેટેડ બેગમાં, ક્રોસ કોન્ટામીનેશન ન થાય તે રીતે પેક કરી લાવવાના રહેશે. અનાજ, કઠોળ, મરી મસાલા અને જમીનના નમુના પોલીથીન બેગમાં, ક્રોસ કોન્ટામીનેશન ન થાય તે રીતે પેક કરી લાવવાના

રહેશે. પાણીના નમુના ૨.૫ લીટરની કાચની બોટલમાં લાવવાના રહેશે તથા તમામ નમુનાનુ તાપમાન ઓછામાં ઓછું ૪.૦ ડીગ્રી સે. જાળવવુ ખુબજ જરૂરી છે.

(૧૦) નમુનાઓ અત્રેની લેબોરેટરીમાં જમા કરાવ્યા બાદ ૩૦ દિવસમાં પૃથક્કરણનો રીપોર્ટ મળી શકશે. પૃથક્કરણનો રીપોર્ટ રૂબરૂમાં અથવા પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા મળી શકશે.

(૧૧) કુદરતી આફતો, નમુનાઓનું ભારણ, મશીનમાં તાંત્રિક ખામી કે અન્ય કે જેમાં પૃથક્કરણનો રીપોર્ટ ૩૦ દિવસની અંદર આપી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં તેની જાણ ફોન/પત્ર/ ઈ-મેઈલ દ્વારા કરવામાં આવશે.

(૧૨) લેબોરેટરીમાં પૃથક્કરણ કર્તા/સાધનોની કાર્યક્ષમતા/રસાયણો અથવા અન્ય કોઇ વિગત કે જે પૃથક્કરણને અસરકર્તા હોઇ તેની ઉપલબ્ધી ન હોયતો નમુનો સ્વીકારવામાં આવશે નહી.

(૧૩) પૃથક્કરણ નો રીપોર્ટ અત્રેથી આપ્યા/રવાના કર્યાબાદ ૧૫ દિવસ સુધી નમુનાઓની અત્રે જાળવણી કરવામાં આવશે. આ સમયગાળો વિત્યાબાદ તેનો નિકાલ કરવામાં આવશે.

(૧૪) પૃથક્કરણનો માત્ર રીપોર્ટ આપવામાં આવશે, કોઈ પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ અને પૃથક્કરણ રીપોર્ટના આધારે વિભાગની નિપુણતા મુજબ માર્ગદર્શન આપવામાં આવશે. જે નિપુણતા આ વિભાગમાં ઉપલબ્ધ ન હોય તેનું માર્ગદર્શન અન્ય વિષય નિષ્ણાંત પાસેથી લેવાનું રહેશે.

(૧૫) પરિણામ અહેવાલ કોર્ટ કાર્યવાહી માટે ઉપયોગમાં લઈ શકાશે નહિ.

(૧૬) અહેવાલમાં દર્શાવેલ વિગત લેબોરેટરીએ મળેલ નમૂના અને ચકાસણી કર્યા સમયની રહેશે.

(૧૭) રીપોર્ટ ખોવાઈજાય, નુકશાન પામે કે તેના દુરઉપયોગ અંગે અત્રેની લેબોરેટરી કોઈ પણ રીતે જવાબદાર નથી.

એ.આઇ.એન.પી. ઓન પેસ્ટીસાઇડ રેસીડ્યુઝ
પેસ્ટીસાઇડ રેસીડ્યુ લેબોરેટરી
આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી
આણંદ, ગુજરાત

## નમૂના અંગેની વિગત

| | | |
|---|---|---|
| તારીખ અને સમય | : | |
| નમૂનાનું પરિવહન | : | ~~કાણા પાડેલ પ્લાસ્ટીક પરફોરેટેડ બેગમાં (શાકભાજી અને ફળ), અનાજ/કઠોળ પ્લાસ્ટીક બેગમાં~~ |
| નમૂના પરિવહનનું તાપમાન | : | ~~૪ ડિગ્રી સેલ્સીયસ~~ |
| નમૂનાનું વજન | : | ~~૧ થી ૨ કિ.ગ્રા.~~ |

## નમૂના એકત્રીકરણ અંગે

| અ.નં. | નમૂનાનું નામ | ખેડૂતનું પૂરું નામ | ગામ | તાલુકો | જિલ્લો | વાવેતરનો વિસ્તાર (હેકટર/એકર) | જી.પી.એસ માહિતી(અક્ષાંશ/રેખાંશ) |
|---|---|---|---|---|---|---|---|
| ~~૧.~~ | ~~ભીંડા~~ | | | | | | |
| | | | | | | | |